# પંચ સૂત્ર

(પ્રથમ)





सूरि पुरंदर

## श्री हरिभद्रसूरीश्वरजी रचित

# पंच सूत्र (प्रथम)

( मूळ पाठ : भावार्थ साथे )

परिकल्पना : 'पाठशाळा' परिवार

शुभाशीर्वाद : श्री नेमि-अमृत-देव-हेमचन्द्रसूरि शिष्य
पूज्य आचार्य श्री विजयप्रद्युम्नसूरि महाराजश्री

ज्ञान पंचमी सं. २०५६

'पाठशाळा' प्रकाशन
बापालाल मनसुखलाल शाह ट्रस्ट
७०३, नूतन निवास, भटार मार्ग सूरत - ३९५००१

-: प्राप्ति स्थान :-

ચીમનભાઈ અમીચંદ દોશી,
૪૧, કાપડિયા ચેમ્બર્સ ૪થે માળે,
કોનાર્ક બંદર,
મુંબાઈ - ૪૦૦૦૦૯

સંદીપભાઈ સી.શાહ,
૪૦૨, જય એપાર્ટમેન્ટ,
૨૯, વસંતકુંજ સોસાયટી, શારદા મંદિર રોડ,
પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭

શરદભાઈ શાહ
બી-૧,વી.ટી.એપાર્ટમેન્ટ
દાદા સાહેબ પાસે, કાલા નાલા
ભાવનગર - ૩૬૪૦૦૧

મૂલ્ય રૂપિયા પચાસ

# આંતર સુખને છલકાવનારો સૂત્રપાઠ

ગુણ સંપત્તિ એ મનુષ્યનો આંતર વૈભવ છે. તેનાથી જીવનની સાર્થકતા અનુભવાય છે.
આ ગુણ સંપત્તિ લાવવા માટે પાપ જવા જોઈએ.
પાપ દૂર કરવાનો રામબાણ ઉપાય એ પંચસૂત્રનો પાઠ.
જેમ જેમ આ પંચસૂત્રની આરાધના વધશે તેમ તેમશ્રી સંઘના સકળ સભ્યોનું તેજ વધશે.
તેજ શબ્દનો એક અર્થઆંતર સુખ થાય છે.અને એ રીતે બન્ને પ્રકારના તેજથી ઝળહળતાં આપણે બધાં
બનીએ તે માટેઆ પંચસૂત્ર (પ્રથમસૂત્ર) પાઠનો નાદ
વ્યક્તિએ વ્યક્તિએ, ઘર ઘર, ગામ ગામ ગૂંજતો કરીએ.
આ કાર્ય સરળતાથી થઇ શકે તેથી અહીં એ સૂત્ર પાઠ, તેનો ગુજરાતી ભાવાર્થ અને તે ભાવને અનુરૂપ
ચિત્રો આપી આકર્ષક સામગ્રી અહીં પીરસવામાં આવી છે.
'પાઠશાળા'નું આ પહેલું પગરણ છે. પહેલું મંગળાચરણ છે. પહેલું પ્રકાશન છે.
એનાં સંચાલક પરિવારના સુખદ શ્રમના પ્રસ્વેદ-મોતી ચળકતાં જોવા મળશે.
બસ.
આ ગાથા અત્ર-તત્ર-સર્વત્ર પ્રસાર પામો. કોઇ પણ જૈનના દિવસની શરૂઆત આ પાઠથી થવી જોઇએ.
આ મારું સ્વપ્ન છે. પરમ કૃપાળુ તેને સાકાર કરવા કૃપા વરસાવે એ જ એક મન: કામના.

सकल श्री संघना
करकमलमां . . .

ણમો વીયરાગાણં, સવ્વણ્ણૂણં,

રાગ દ્વેષથી રહિત, સર્વજ્ઞ

દેવિંદપૂઈઆણં,

દેવેન્દ્રોથી પૂજાયેલા

જહટ્ઠિઅવત્થુવાઈણં,

સત્યવસ્તુના પ્રરૂપક

તેલુક્કગુરૂણં

ત્રણલોકના ગુરુ

અરહંતાણં ભગવંતાણં ।૧।

અરિહંત ભગવંતોને નમસ્કાર હો !



અરિહંત ભગવંતોને નમસ્કાર હો !

जे एवमाइक्खंति -

તે અરિહંત ભગવંતો આ પ્રમાણે કહે છે :

इह खलु अणाइजीवे,

આ લોકમાં જીવ અનાદિ છે,

अणाइजीवस्स भवे,

જીવનો સંસાર અનાદિ છે,

अणाइ कम्मसंजोग निव्वत्तिए

જીવનો અનાદિ સંસાર કર્મસંયોગથી થયેલો છે

दुक्खरूवे, दुक्खफले, दुक्खाणुबंधे ॥ २ ॥

સંસાર દુ:ખરૂપ, દુ:ખ ફલક અને દુ:ખાનુબંધી છે.



દુઃખાનુભવી સંસારનું પ્રતીક : મધુબિંદુ

એઅસ્સ ણં વુચ્છિત્તી

એ સંસારનો નાશ

સુદ્ધધમ્માઓ,

શુદ્ધ ધર્મથી થાય છે,

સુદ્ધધમ્મસંપત્તી


શુદ્ધ ધર્મની સંપ્રાપ્તિ

પાવકમ્મવિગમાઓ, પાવકમ્મવિગમો

પાપકર્મના નાશથી થાય છે, પાપકર્મનો નાશ

તહાભવ્વત્તાઈભાવઓ ॥ ૩ ॥

તથા ભવ્યત્વાદિના પરિપાકપણાથી થાય છે.



ભવ્યત્વાદિના પરિપાક સમ - પૂર્ણ કળશ

## તસ્સ પુણ

તેનો (તથા ભવ્યત્વનો) વળી

## વિવાગસાહણાણિ

પરિપાક કરનારા સાધનો ત્રણ છે.

## ચઉસરણગમણં

ચાર શરણનો સ્વીકાર

## દુક્કડગરિહા

દુષ્કૃતની ગર્હા - નિંદા કરવી તે,

## સુકડાણા સેવણં ॥ ૪ ॥

તથા સુકૃતની ભારોભાર અનુમોદના કરવી તે.



ચાર દેવીઓ : ગંધારી : વજ્રાંગકુશી : મહાજયા : માનવી

અઓ કાયવ્વમિણં
આ કારણથી મોક્ષાર્થી ભવ્ય જીવોએ
હોઉકામેણં
સદા મન-વચન-કાયાની એકાગ્રતાથી
સયા સુપ્પણિહાણં
સદા શુભ એવા પ્રણિધાન વડે
ભુજ્જો ભુજ્જો સંકિલેસે,
ચિત્તમાં સંક્લેશ હોય ત્યારે વારંવાર અને
તિકાલમસંકિલેસે ॥ ૫ ॥
સંક્લેશ ન હોય ત્યારે સવાર-બપોર-સાંજ એમ ત્રણવાર પાઠ કરવો.



' વાએસિરી પુથ્થયવગ્ગ હત્થા '

જાવજ્જીવં મે ભગવંતો પરમતિલોગણાહા,
જાવજ્જીવ સુધી મારે સમગ્ર ઐશ્વર્યાદિક વડે યુક્ત એવા, પરમ ત્રિલોકનાથ,

અણુત્તાર પુણ્ણસંભારા,
સર્વોત્તમ પુણ્યના સમૂહવાળા

ખીણરાગદોસમોહા, અચિંતચિંતામણી,
ક્ષીણ થયા છે રાગ, દ્વેષ અને મોહ જેના એવા, અચિંત્ય ચિંતામણિ સમાન

ભવજલહિપોઆ,
સંસારરૂપી સમુદ્રને પાર પામવા વહાણ સમાન

એગંતસરણ્ણા અરહંતા સરણં ॥ ૬ ॥
એકાંતપણે શરણ કરવા યોગ્ય એવા અરિહંતોનું મને શરણ હો.



અચિંત્ય ચિંતામણિ સમાન અરિહંતનું મને શરણ હો.

તહા પહીણજરામરણા, અવેઅકમ્મકલંકા,

તથા જરા-મરણથી રહિત, કર્મરૂપી કલંકથી રહિત

પણટ્ઠવાબાહા, કેવલનાણદંસણા,

સર્વ પીડાઓથી રહિત, સર્વજ્ઞ, સર્વદર્શી

સિદ્ધિપુરનિવાસી, નિરુવમસુહસંગયા

મુક્તિનગરમાં રહેલા, અનુપમ સુખને પામેલા

સવ્વહા કયકિચ્ચા

સર્વથા કૃતાર્થ થયેલા એવા


સિદ્ધા સરણં ॥ ૭ ॥

સિદ્ધોનું મને શરણ હો.



સિદ્ધ ભગવંતનું મને શરણ હો.

તહા પસંતગંભીરાસયા,
તથા : પ્રશાંત, ગંભીર ચિત્તવાળા
સાવજ્જજોગવિરયા પંચવિહાયારજાણગા,
પાપયુક્ત પ્રવૃત્તિથી વિરામ પામેલા, પાંચ આચાર પાળનારા
પરોવયારનિરયા, પઉમાઈનિદંસણા,
પરોપકાર કરવામાં તત્પર, પદ્મ - કમળ વગેરેની ઉપમાવાળા
ઝાણજ્ઝયણસંગયા,
ધ્યાન અને સ્વાધ્યાયમાં લીન
વિસુજ્ઝમાણભાવા સાહૂ સરણં ॥ ૮ ॥
વિશુદ્ધ થતા ભાવવાળા સાધુ ભગવંતોનું મને શરણ હો,



સાધુ ભગવંતોનું મને શરણ હો.

તહા સુરાસુરમણુઅપૂઈઓ, મોહતિમિરંસુમાલી,
તથા : સુર, અસુર અને મનુષ્યોથી પૂજાયેલ, મોહરૂપ અંધકારનો નાશ કરવામાં સૂર્ય સમાન,
રાગદ્દોસવિસપરમમંતો, હેઊ સયલકલ્લાણાણં,
રાગ-દ્વેષરૂપી વિષનો નાશ કરવામાં ઉત્કૃષ્ટ મંત્ર સમાન, સમગ્ર કલ્યાણનું કારણ
કમ્મવણવિહાવસૂ
કર્મરૂપ વનને બાળવામાં અગ્નિસમાન,
સાહગો સિદ્ધભાવસ્સ, કેવલિપણ્ણત્તો ધમ્મો,
સિદ્ધપણાની પ્રાપ્તિ કરાવનાર, કેવલી ભગવંતે પ્રરૂપેલા
જાવજ્જીવં મે ભગવં સરણં ॥ ૯ ॥
ધર્મનું મને યાવજ્જીવ શરણ હો.



સિદ્ધશિલા પર બિરાજમાન અરિહંત ભગવંતો

સરણમુવગઓ ય એએસિં ગરિહામિ દુક્કડં

અરિહંત આદિના શરણને પામેલો હું દુષ્કૃતની નિંદા કરું છું.

જણ્ણં અરહંતેસુ વા, સિદ્ધેસુ વા, આયરિએસુ વા,

જે દુષ્કૃત અરિહંતોને વિષે, સિદ્ધોને વિષે, આચાર્યોને વિષે

ઉવજ્ઝાએસુ વા, સાહૂસુ વા


ઉપાધ્યાયોને વિષે, સાધુઓને વિષે,

સાહૂણીસુ વા, અન્નેસુ વા,

સાધ્વીઓને વિષે, બીજા પણ

ધમ્મટ્ઠાણેસુ માણણિજ્જેસુ પૂયણિજ્જેસુ

ધર્મ સ્થાનકો વિષે, માનનીય અને પૂજનીય ગુણાધિકો વિષે,



શ્રી નવપદજી

તહા માઈસુ વા, પિઈસુ વા, બંધૂસુ વા,
તથા માતાઓને વિષે, પિતાઓને વિષે, બંધુઓને વિષે,
મિત્તેસુ વા, ઉવયારીસુ વા, ઓહેણ વા જીવેસુ,
મિત્રોને વિષે, ઉપકારીઓને વિષે, સામાન્યપણે,
મગ્ગટ્ઠિએસુ અમગ્ગટ્ઠિએસુ
સમકિત આદિ માર્ગમાં રહેલા જીવો વિષે, અથવા માર્ગમાં નહીં રહેલા એવા સર્વ જીવો વિષે,
મગ્ગસાહણેસુ અમગ્ગસાહણેસુ
અથવા માર્ગને સાધનારા પુસ્તકાદિ વિષે, માર્ગને નહીં સાધનારા ખડ્ગાદિને વિષે,
જં કિંચિ વિતહમાયરિયં અણાયરિઅવ્વં
જે કાંઈ વિપરીત આચરણ કર્યું હોય, કે જે ક્રિયા વડે નહીં આચરવા લાયક



ગુરુ પાસે ઉપદેશ ગ્રહણ

અણિચ્છિઅવ્વં પાવં પાવાણુબંધિ

અને મન વડે નહીં ઈચ્છવા લાયક એવું પાપાનુબંધી પાપ

સુહુમં વા બાયરં વા,

સૂક્ષ્મ અથવા બાદર - સ્થૂલ આચર્યું હોય

મણેણ વા, વાયાએ વા, કાએણ વા,

તે પણ મન વડે, વાણી વડે, શરીર વડે,

કયં વા, કારાવિઅં વા, અણુમોઈયં વા,

મેં પોતે કર્યું હોય, બીજા પાસે કરાવ્યું હોય, બીજાએ કરેલું અનુમોદન કર્યું હોય,

રાગેણ વા, દોસેણ વા, મોહેણ વા,

તે પણ રાગ વડે, દ્વેષ વડે, મોહ વડે,



શ્રી વિજયસેનસૂરિ મહારાજ

ઈત્થં વા જમ્મે, જમ્મંતરેસુ વા,

આ જન્મમાં અથવા બીજા જન્મમાં,

ગરહિઅમેઅં, દુક્કડમેઅં,

આ ગર્હા - નિંદા કરવા લાયક છે, આ દુષ્કૃત

ઉજ્જિઅવ્વમેઅં, વિઆણિઅં મએ

અધર્મ રુપ છે, ત્યાજ્ય છે, એમ મેં

કલ્લાણમિત્તગુરુભગવંતવયણાઓ,

કલ્યાણમિત્ર ગુરુ ભગવંતોના વચનથી જાણ્યું છે,

એવમેઅં તિ રોઈઅં સદ્ધાએ,

તેથી જ આ એમ જ છે એમ શ્રદ્ધા પ્રમાણે મને પસંદ પડ્યું છે.




અરહંતસિદ્ધસમક્ખં,
તેથી અરિહંત અને સિદ્ધ સમક્ષ

ગરિહામિ અહમિણં, દુક્કડમેઅં,
હું એ સર્વ પાપને ગર્હુ છું, આ દુષ્કૃત છે

ઉજ્જિઅવ્વમેઅં,
એ ત્યાગ કરવા લાયક છે એમ કહું છું - અંતઃકરણથી માનું છું.

ઈત્થ મિચ્છા મિ દુક્કડં,
આ સંબંધી મારું પાપ મિથ્યા થાઓ,

મિચ્છા મિ દુક્કડં, મિચ્છા મિ દુક્કડં ॥ ૧૦ ॥
મારું પાપ મિથ્યા થાઓ, મારું પાપ મિથ્યા થાઓ.



હ્રીં કાર યંત્ર

હોઉ મે એસા સમ્મં ગરિહા

મારી દુષ્કૃત ગર્હા સમ્યક પ્રકારે એટલે કે ભાવથી થાઓ

હોઉ મે અકરણનિયમો

ફરી તેવું પાપ નહિ કરવાનો મારે નિયમ હો,

બહુમયં મમેઅં તિ, ઈચ્છામિ અણુસટ્ઠિં,

આ બન્ને બાબત મને બહુ ઈષ્ટ છે.

અરહંતાણં ભગવંતાણં,

આથી હું અરિહંત ભગવંતોની તથા

ગુરૂણં કલ્લાણમિત્તાણં તિ ॥ ૧૧ ॥

કલ્યાણ-મિત્ર ગુરુઓની હિતશિક્ષાને ઈચ્છું છું.





શ્રી બ્રહ્મશાંતિ યક્ષ

હોઉ મે એએહિં સંજોગો
મને અરિહંત આદિનો ઉચિત યોગ થાઓ
હોઉ મે એસા સુપત્થણા,
મારી આ પ્રાર્થના સફળ થાઓ,
હોઉ મે ઈત્થ બહુમાણો
આ પ્રાર્થના વિષે મને બહુમાન થાઓ
હોઉ મે ઈઓ મોક્ખબીઅંતિ ॥ ૧૨ ॥
આ પ્રાર્થનાથી મને મોક્ષના બીજ રૂપ પુણ્યાનુબંધી પુણ્યની પ્રાપ્તિ થાઓ.



મને પુણ્યાનુબંધી પુણ્યની પ્રાપ્તિ થાઓ

પત્તોસુ એએસુ અહં સેવારિહે સિઆ,
અરિહંત આદિનો ઉચિત યોગ થાય ત્યારે હું તેમની સેવા કરવાને યોગ્ય બનું,
આણારિહે સિઆ,
તેમની આજ્ઞા પાળવાને લાયક બનું
પડિવત્તિજુએ સિઆ,
તેમની જ સેવા-ભક્તિથી યુક્ત બનું
નિરઈઆરપારગે સિઆ
તેમની જ આજ્ઞાનું નિરતિચાર પાલન કરનારો બનું.
સંવિગ્ગો જહાસત્તીએ સેવેમિ સુકડં.
મોક્ષની ઈચ્છાવાળો હું યથાશક્તિ સુકૃત કરું છું.



મોક્ષની ઈચ્છાવાળો હુ અરિહંતની આજ્ઞા પાળવાને લાયક બનું

અણુમોએમિ સવ્વેસિં અરહંતાણં અણુટ્ઠાણં,
સર્વ અરિહંતોના ધર્મોપદેશ આદિ અનુષ્ઠાનોને અનુમોદું છું
સવ્વેસિં સિદ્ધાણં સિદ્ધભાવં,
સર્વ સિદ્ધોના અવ્યાબાધ (પીડા રહિત) આદિ સિદ્ધપણાને અનુમોદું છું.
સવ્વેસિં આયરિયાણં આયારં,
સર્વ આચાર્યોમાં જ્ઞાનાચારાદિક આચારને અનુમોદું છું
સવ્વેસિં ઉવજ્ઝાયાણં સુત્તપ્પયાણં,
સર્વ ઉપાધ્યાયોના દ્વાદશાંગીસૂત્રના પ્રદાનને અનુમોદું છું
સવ્વેસિં સાહૂણં સાહુકિરિઅં ॥ ૧૩ ॥
સર્વ સાધુઓની સુંદર સ્વાધ્યાય આદિ ક્રિયાઓને અનુમોદું છું.



ઉપાધ્યાય શ્રી યશોવિજયજીનાં ચરણ પાદુકા - ડભોઈ

સવ્વેસિં સાવગાણં મોક્ખસાહણજોગે,
સર્વ શ્રાવકોના મોક્ષના સાધનભૂત વૈયાવચ્ચ આદિ વ્યાપારોને અનુમોદું છું.

સવ્વેસિં દેવાણં,
મોક્ષાભિલાષી અને શુભ આશયવાળા સર્વ દેવોના,

સવ્વેસિં જીવાણં,
સર્વ જીવોના

હોઉકામાણં કલ્લાણાસયાણં
માર્ગસાધનના શુભ વ્યાપારોને

મગ્ગસાહણજોગે ॥ ૧૪ ॥
હું અનુમોદું છું



શ્રી નંદીશ્વર દ્વીપ

## હોઉ મે એસા અણુમોઅણા

મારી આ ઉપર કહી તે અનુમોદના ઉત્તમગુણોથી યુક્ત

## સમ્મં વિહિપુવ્વિઆ, સમ્મં સુદ્ધાસયા,

સમ્યક્ વિધિપૂર્વક થાઓ, કર્મના વિનાશવડે શુદ્ધ આશયવાળી થાઓ,

## સમ્મં પડિવત્તિરૂવા, સમ્મં નિરઈયારા,

સમ્યક્ ક્રિયારૂપે સ્વીકાર રૂપ થાઓ, સારી રીતે નિર્વાહ કરવાથી સમ્યક્ નિરતિચાર બનો.

## પરમગુણજુત્ત-

ઉત્કૃષ્ટ ગુણો વડે યુક્ત એવા

## અરહંતાઈસામત્થઓ

અરિહંત, સિદ્ધ વિગેરેના સામર્થ્યથી મારી અનુમોદના સારી થાઓ



अचिंतसत्तिजुत्ता हि ते

અચિંત્ય શક્તિથી યુક્ત તે

ભગવંતો વીઅરાગા

અરિહંત આદિ ભગવંતો વીતરાગ છે

સવ્વણ્ણૂ

સર્વજ્ઞ છે

પરમકલ્લાણા

પરમ કલ્યાણને કરનારા છે ,

પરમકલ્લાણહેઊ સત્તાણં ॥ ૧૫ ॥

જીવોના ઉત્તમ કલ્યાણના હેતુ છે .



પાવન તીર્થ શ્રી તારંગાજી

મૂઢે અમ્હિ પાવે,
પણ હું મૂઢ, પાપી
અણાઈ મોહવાસિએ,
અનાદિથી મોહવાસિત
અણભિન્નો ભાવઓ
ભાવથી એટલે પરમાર્થથી અજાણ છું,
હિઆહિઆણં અભિન્નો સિયા,
અરિહંતાદિકના સામર્થ્યથી હું હિત - અહિતનો જાણનાર થાઉં,
અહિઅનિવિત્તો સિઆ, હિઅપવિત્તો સિઆ,
અહિતકારીથી નિવૃત્ત બનું, હિતમાં પ્રવૃત્ત બનું



અરિહંતના સામર્થ્યથી હિત-અહિતનો જાણકાર થાઉં

આરાહગો સિઆ,
આરાધક બનું,
ઉચિઅપડિવત્તીએ
સર્વ પ્રાણીઓ પ્રત્યે ઉચિત વર્તન વડે આરાધક બનું
સવ્વસત્તાણં સ-હિઅં તિં
કારણ કે તેમાં મારું હિત છે.
ઈચ્છામિ સુકડં, ઈચ્છામિ સુકડં,
હું સુકૃતને ઈચ્છું છું, હું સુકૃતને ઈચ્છું છું,
ઈચ્છામિ સુકડં ॥ ૧૬ ॥
હું સુકૃતને ઈચ્છું છું,



ચંડકૌશિક ઉદ્ધાર

એવમેઅં સમ્મં પઢમાણસ્સ,
આ પ્રમાણે આ સૂત્રનો સારી રીતે પાઠ કરનાર,
સુણમાણસ્સ, અણુપ્પેહમાણસ્સ
બીજા પાસે સાંભળનાર, અર્થનું સ્મરણ કરનાર,
સિઢિલીભવંતિ, પરિહાયંતિ,
મનુષ્યના અશુભ કર્મો મંદવિપાકવાળા થવાથી શિથિલ થાય છે,
ખિજ્જંતિ અસુહકમ્માણુબંધા
આત્મામાંથી કર્મપુદ્ગલો ખસી જવાથી ઘટી જાય છે.



સૂત્રનો સારી રીતે પાઠ કરનાર, સાંભળનાર, સ્મરણ કરનાર શ્રાવક શ્રાવિકાઓ

**નિરણુબંધે વા અસુહકમ્મે**

તથા વિશિષ્ટ પ્રકારના પરિણામોનો અભ્યાસ થતાં અશુભ કર્મના અનુબંધનો

**ભગ્ગસામત્થે સુહપરિણામેણં**

શુભ પરિણામ વડે સર્વથા નાશ થાય છે.

**કડગબદ્ધે વિઅ વિસે**

મંત્રના પ્રભાવ વડે કંકણથી બાંધેલા વિષની જેમ

**અપ્પફલે સિઆ,**

અલ્પ ફળવાળું એટલે કે થોડા વિપાકવાળું થાય છે.

**સુહાવણિજ્જે સિઆ, અપુણભાવે સિઆ.**

તેથી સુખપૂર્વક સંપૂર્ણપણે દૂર કરી શકાય છે, ફરીથી ન બંધાય એવા બને છે.



શ્રી અઢી દ્વીપ

तहा आसगलिज्जंति

તથા, શુભકર્મના અનુબંધો એકઠા થાય છે,

परिपोसिज्जंति

પુષ્ટ થાય છે તથા પરાકાષ્ટાએ પહોંચે છે,

निम्मविज्जंति सुहकम्माणुबंधा

તથા સંપૂર્ણપણે પરાકાષ્ઠા પ્રાપ્ત થાય છે,

साणुबंधं च सुहकम्मं

શુભભાવથી ઉપાર્જેલું પ્રકૃષ્ટ સાનુબંધ શુભ કર્મ

पगिट्ठं पगिट्ठभावज्जिअं नियमफलयं

સારી રીતે પ્રયોગ કરેલા ઉત્તમ ઔષધની જેમ નિશ્ચે ફળ આપનારું બને છે.



શ્રી સમવસરણ

## સુપઉત્તે વિઅ મહાગએ

સારી રીતે પ્રયોગ કરેલા મોટા - શ્રેષ્ઠ ઔષધની જેમ

## સુહફલે સિઆ,

શુભ ફળઆપનાર થાય છે,

## સુહપવત્તગે સિઆ,


અનુબંધે કરીને શુભને વિષે પ્રવૃત્તિવાળું થાય છે,

## પરમસુહસાહગે સિઆ

પરંપરાએ કરીને પરમસુખને - મોક્ષને સાધનારું થાય છે.

## અઓ અપ્પડિબંધમેઅં

આ કારણથી, આ સૂત્રને પ્રતિબંધ - નિયાણા રહિત




શ્રી મહાવીરસ્વામી કેવળજ્ઞાન પામ્યા

અસુહભાવનિરોહેણં

અશુભ ભાવોને દૂર કરીને,

સુહભાવબીઅં તિ,

શુભ ભાવનું બીજ છે એમ ધારીને,

સુપ્પણિહાણં

સારા પ્રણિધાન - ધ્યાન વડે

સમ્મં પઢિઅવ્વં, સમ્મં સોઅવ્વં,

શાંત ચિત્તે ભણવું - પાઠ કરવો, બીજા પાસે સારી રીતે સાંભળવું,

સમ્મં અણુપ્પેહિઅવ્વં તિ ॥ ૧૭ ॥

અને એના અર્થનું સમ્યક્ ચિંતન કરવું.



શુભ ભાવના બીજ - શ્રી અષ્ટ મંગલ

## નમો નમિઅનમિઆણં -પરમગુરુવીયરાગાણં

દેવો અને ઋષિઓ વડે વંદાયેલા તીર્થંકરોને નમસ્કાર થાઓ,

## નમો સેસનમુક્કારારિહાણં

નમસ્કાર કરવા લાયક બીજા આચાર્યાદિ ગુણાધિકોને નમસ્કાર થાઓ,

## જયઉ સવ્વણ્ણુસાસણં

સર્વજ્ઞોનું શાસન કુતીર્થના નાશ વડે જય પામો

## પરમસંબોહીએ સુહિણો ભવંતુ જીવા,

ઉત્તમ સમ્યક્ત્વની પ્રાપ્તિથી જીવો સુખી બનો,

## સુહિણો ભવંતુ જીવા, સુહિણો ભવંતુ જીવા ॥ ૧૮ ॥

જીવો સુખી બનો, જીવો સુખી બનો.

*પાપ પ્રતિઘાત-ગુણબીજાધાન સૂત્ર(પ્રથમ) પૂર્ણ થયું.*




શ્રી ચતુર્વિધ સંઘ


नवकार मंत्र
नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्व साहूणं

